# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 9/11/2025** **Morning : 7.10 to 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **આજથી રાજ્યભરમાં મગફળી , મગ, અડદ, સોયાબીનની ટેકાના ભાવે ખરીદી.**
2. **આજના જૂનાગઢના મુક્તિ દિવસ થી મુખ્યમંત્રી રાજ્યવ્યાપી યુનિટિ માર્ચનો આરંભ કરાવશે.**
3. **પ્રધાનમંત્રીની ડેડિયાપાડાની આગામી મુલાકાતના આયોજન માટે ભરૂચ ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ બેઠક યોજી.**
4. **વડોદરાની M.S. યુનિવર્સિટીના 74મા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલના હસ્તે 354 સુવર્ણપદકો એનાયત કરાયા.**
5. **રાજ્યભરમાં ઠંડીનો ચમકારો વધ્યો**
6. **રણજી ટ્રોફીની મેચમાં ગુજરાત સામે સર્વિસિઝની ટીમે આઠ વિકેટે 203 રન બનાવ્યાં જ્યારે બરોડા સામે ઝારખંડ પાંચ વિકેટ 327 રન અને કેરળ સામે સૌરાષ્ટ્ર 160 રનમાં ઓલઆઉટ થયું.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# TEKANA BHAVTHI KHARIDI

આજથી રાજયભરમાં સરકાર દ્વારા મગફળી, મગ, અડદ, સોયાબીન સહિતના પાકોની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરવામાં આવશે. ખેડૂત દીઠ 125 મણ મગફળીની ખરીદી  કરવામાં આવશે. જેનો એક મણ દીઠ  એક હજાર 453 રૂપિયા ટેકાનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે.

આજથી રાજકોટ  જિલ્લામાં  30 કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ થશે. રાજકોટ એ.પી.એમ.સી. દ્વારા ખેડૂતોની સરળતા માટે પડધરી , લોધિકા તેમજ રાજકોટ જૂના યાર્ડ ખાતે કુલ   7 કેન્દ્ર પર ખરીદીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેનો તમામ ખેડૂતોને લાભ લેવા ચેરમેન જયેશ બોઘરાએ જણાવ્યું છે.

સાથે જ માવઠાના કારણે ખેડૂતોને થયેલા નુકસાનની સામે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા રાહત પેકેજ અને ટેકાના ભાવે શરૂ થયેલી ખરીદીના નિર્ણયને ખેડૂત, સહકારી આગેવાનો સહીત રાજકોટ માર્કેટિંગ યાર્ડના ચેરમેને આવકાર્યો છે.

છોટાઉદેપુર એપીએમસીના ચેરમેન મુકેશ પટેલે જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા મગફળી, સોયાબીન અડદ અને મગ જેવા પાકોની ખરીદી સરકાર કરી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા 100 કિલો મગફળીના 5 હજાર બજાર ભાવ છે એની સામે લગભગ 7 હજાર 263ના ટેકાના ભાવે ખરીદી કરાશે જે ખેડૂતો માટે સરાહનીય નિર્ણય છે.

---

## JUNAGADH BIRTHDAY

આજે જૂનાગઢ પોતાનો 78મો આઝાદ દિવસ મનાવશે. 15 ઓગસ્ટ 1947ના રોજ ભારત જ્યારે આઝાદ થયુ . ત્યારે જૂનાગઢના નવાબે જૂનાગઢ અને માણાવદરને પાકિસ્તાનમાં ભેળવવાની જાહેરાત કરી હતી . એ સમયે સરદાર વલ્લભભાઈ પટેલે કુનેહભરી રાજનીતિ અપનાવી આરજી હુકુમત સેનાની સ્થાપના કરી અને 84 દિવસની લડત બાદ 9 નવેમ્બર 1947ના રોજ જુનાગઢ નવાબી શાસનમાંથી મુક્ત થયું અને નવાબ લાહોર ચાલ્યા ગયા.

આમ જુનાગઢની સ્વતંત્રતામાં સરદાર પટેલનો સિંહ ફાળો હોવાને કારણે જુનાગઢથી રાજ્યવ્યાપી યુનિટી માર્ચનો પ્રારંભ થશે. સરદાર પટેલની 150 મી જન્મ જયંતીની ઉજવણી થઇ રહી છે ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ જૂનાગઢના પ્રવાસે છે.

સાંભળીએ અમારા પ્રતિનિધીનો એક અહેવાલ

**(વોઈસ કાસ્ટ – સંજીવ મહેતા)**

---

## BHAVNAGAR IN KAUSHIK VEKARIYA BETHAK

ભાવનગર ખાતે રાજ્ય મંત્રી અને ભાવનગર જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને આગામી સમયમાં સરદાર પટેલની 150મી જન્મ જયંતિ નિમિત્તે યોજાનાર પદયાત્રાના આયોજન અને જિલ્લાના વિકાસકાર્યો અંગે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. અને એ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ભાવનગર જિલ્લામાં વિધાનસભા દીઠ પદયાત્રા યોજાશે.

આ બેઠકમાં મંત્રીશ્રી દ્વારા અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને કૃષિ , સિંચાઇ, આરોગ્ય, માર્ગ મકાન , પીજીવીસીએલ, પોલીસ વિભાગ સહિત અન્ય વિભાગોની વિગતવાર માહિતી મેળવી હતી.

તેમજ જિલ્લામાં થઈ રહેલાં વિકાસકાર્યો સમયસર અને ગુણવત્તાયુક્ત કરવા અધિકારીઓને સુચના આપી હતી. આ તકે કેન્દ્રિય રાજયમંત્રી નિમુબેન બાંભણીયા , મેયર ભરતભાઈ બારડ સહિતના નેતાઓએ જિલ્લામાં ચાલી રહેલાં વિકાસકાર્યો અંગે જરૂરી સુચનો કર્યા હતા.

---

## DY.CM HARSH SANGHVI IN BHARUCH

ભરૂચ ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષતામાં ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતી નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ડેડીયાપાડા ખાતેના રાષ્ટ્રીયકક્ષાના કાર્યક્રમના સુચારૂ આયોજનના ભાગરૂપે બેઠક યોજાઈ હતી.

કાર્યક્રમ દરમિયાન રોડ -શોની વ્યવસ્થા , ટ્રાફિક સંચાલન , આમંત્રિતતોને કાર્યક્રમ સ્થળ સુધી લઈ જવા તેમજ વાહન પાર્કિંગની વ્યવસ્થા અંગે ભરૂચ , નર્મદા, તાપી, છોટા ઉદેપુર જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા કરી હતી.

આ તકે મંત્રી નરેશ પટેલ અને ઇશ્વર પટેલે પણ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમના આયોજન અંગે સમીક્ષા કરતા માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના આયોજન અને તૈયારીઓની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપી તમામ અધિકારીઓને સંપૂર્ણ સંકલન સાથે કામગીરી કરવા સૂચના આપી હતી.

---

# WAGHANI- ALPESH THAKOR NADOL VISIT

સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કર્યા બાદ કૃષિ મંત્રી જીતુ વાઘાણી અને ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નાદોદ તેમજ ગાંધીનગર તાલુકાના વીરા તલાવડી ગામના ખેડૂતોની મુલાકાતે પહોંચ્યા હતા.

કૃષિ મંત્રીએ નાદોલ ગામના અસરગ્રસ્ત ખેતરની મુલાકાત લઈ ખેડૂતો સાથે પ્રત્યક્ષ સંવાદ કરીને તેમને સધિયારો આપ્યો હતો. સાથે જ, તેમણે આ અણધારી આફતમાં થયેલા પાક નુકશાન સામે અસરગ્રસ્ત તમામ ખેડૂતોને રાજ્ય સરકાર તરફથી સહાય પૂરી પાડવાનો વિશ્વાસ આપ્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે જણાવ્યું કે, કમોસમી વરસાદમાં ખેડૂતોને ખૂબ નુકશાન થયું છે. આવા સમયે ખેડૂતોની પીડા સમજીને અને તેમના દુઃખમાં સહભાગી થવા સરકાર દ્વારા રાહત પેકેજ જાહેર કરાયું છે.

---

# ARVALLI KHEDUT

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના નુકસાનને લઈને પેકેજ જાહેર કરાયુ છે. આ રાહત પેકેજ જાહેર કરવાના નિર્ણયને ખેડૂતોએ આવકાર્યો છે. આ સાથે જ ખેડૂતોની માંગ છે કે, ધીરાણ માફ કરવામાં આવે.

અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ મગફળી , સોયાબીન અને અડદ સહિતના પાકનું વિવેતર કરવામાં આવ્યું હતું , જોકે દિવાળી અને આસપાસના દિવસોમાં માવઠું થતા, ખેડૂતોના ઉભા પાકને વ્નુયાપ કસાન પહોંચ્યું હતું.

પાક નુકસાનને લઇને અરવલ્લી જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા પાક નુકસાની અંગે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## બાઈટ : વિજય પટેલ, ખેડૂત

---

## KUTCH FARMER

માવઠાના કારણે ખેડૂતોને થયેલા નુકશાનમાં રાહતરૂપ 10 હજાર કરોડનું આર્થિક સહાય પેકેજની જાહેરાત રાજ્ય સરકારે કરીને ખેડૂતોને વ્હારે આવી છે.

ત્યારે કચ્છના તમામ ખેડૂતો તથા દૂધ ઉત્પાદકો વતી સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલે આભાર વ્યક્ત કરતાં કહ્યું કે , ખેડૂતોને નુકશાનમાંથી બનતી ત્વરાથી બેઠા કરવાના સરકારના હકારાત્મક અભિગમથી ખેડૂતોમાં ખૂશી ફેલાઇ છે.

બે હેક્ટરે જમીન માટે રૂ. ૪૪ હજારની સહાય ખેડૂતો માટે રાહતરૂપ હોવાનું પણ વલમજી હુંબલે જણાવ્યુ હતું.

## બાઇટ- વલમજી હુંબલ

---

# MS UNI CONVOCATION RAJYPAL

વડોદરાની M.S. યુનિવર્સિટીના 74મા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલના હસ્તે 354 સુવર્ણપદકો એનાયત કરાયા. જેમાં 163 વિદ્યાર્થિનીઓ અને 66 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે દિક્ષાંત પ્રવચનમાં કહ્યુ કે , સમાજને શિક્ષિત, વિકસિત અને સમૃદ્ધ બનાવવાની જવાબદારી યુવાઓના શિરે હોય છે. સમાજ કલ્યાણનો ભાવ રાખીને ભારતીય જીવન મૂલ્યો અને સંસ્કૃતિના અભિન્ન અંગ બનવા રાજ્યપાલે વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો.

## બાઇટ- આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ ગુજરાત

---

# GUJARAT IN COLD

રાજ્યભરમાં ફુલ ગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાય રહ્યો છે. અમદાવાદમાં ઠંડીમાં વધારો થતાં 14.7 ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાં નવેમ્બરમાં નોંધાયેલું આ સૌથી નીચું તાપમાન છે.

અમદાવાદમાં ગત રાત્રીએ 14.7 ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતા 3.4 ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. આ સાથે જ ગાં ધીનગરમાં 14 નલિયામાં 15.4, વડોદરામાં 15.6, ડીસામાં 15.8, અમરેલીમાં 16, રાજકોટમાં 16.4 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

---

# RANJI TROPHY

રણજી ટ્રોફીની મેચ ચાલી રહી છે , ત્યારે નડિયાદ ખાતેની એક મેચમાં ગુજરાત સામે સર્વિસિઝની ટીમે આઠ વિકેટે 203 રન બનાવ્યાં હતા. ગુજરાત તરફથી સિદ્ધાર્થ દેસાઇએ ત્રણ અને વિશાલ જયસ્વાલે બે વિકેટ ઝડપી હતી.

વડોદરા ખાતે રમાઇ રહેલી મેચમાં ઝારખંડે પાંચ વિકેટે 327 રન કર્યા હતા જ્યારે મંગલાપુરમમાં રમાઇ રહેલી મેચમાં કેરળ સામે સૌરાષ્ટ્ર 160 રનમાં ઓલ આઉટ થઇ ગયુ હતું.

---